


દિલ્હીના ‘શીલા’ થિયેટરમાં જ્યારે અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘સાત હિન્દુસ્તાની’ રિલીઝ થઇ, ત્યારે એ પોતાનાં માતાપિતા સાથે ફિલ્મ જોવા ગયા. અમિતાભ ફિલ્મ જોવા માટે જેસલમેરથી ‘રેશમા ઔર શેરા’ના શૂટિંગમાંથી રજા લઇને આવ્યા હતા. અમિતાભને ‘સાત...’ માટે ખ્વાજા અહમદ અબ્બાસે માત્ર પાંચ હજાર રૂપિયા આપ્યા હતા.

# નેહા કરશે એકલતાને કેશ



નેહા ધૂપિયાના જીવનમાં પ્રેમીઓ ટકતા નથી. સ્ક્વોશ ચેમ્પિયન હૃતિક ભટ્ટાચાર્ય પછી વિદેશી જેમ્સ સિલ્વેસ્ટર એવો હતો જેણે નેહા સાથે બે વર્ષ વિતાવ્યાં, પણ એક વર્ષ પહેલાં એ પણ નેહાને છોડી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે આટલી સુંદર-યુવાન નેહાને કોઇ પુરુષ મુગ્ધ દૃષ્ટિએ જોતો પણ નથી અને એક વર્ષથી નેહા એકદમ એકલી છે. ખુદ નેહાના મતે, કદાચ પુરુષો એને પ્રપોઝ કરતાં ડરે છે. જોકે નેહાનો એવો પણ દાવો છે કે એ એકલી વધારે ખુશ છે અને આ એકલતાનો ઉપયોગ પોતાની પ્રગતિ માટે કરશે. પોતાની આગામી ફિલ્મો ‘ઊંગલી’ અને ‘સંતા-બંતા’ના ડબિંગ પછી એ બે નવી ફિલ્મોનું શૂટિંગ શરૂ કરશે. એટલું જ નહીં, પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કરીને નિર્માત્રી તરીકે પણ એક ફિલ્મ ફ્લોર પર લઇ જશે. ડિયર નેહા, બધું કર, પણ તારી ઉંમરનો વિચાર ચોક્કસ કરજે. હા, લગ્ન કરવાનો વિચાર જ ન હોય તો વાત જુદી છે!

‘આશિકી-2’ની હિરોઇન શ્રદ્ધા કપૂર નવા જમાનાની અભિનેત્રી છે. એને પણ કેટલાક વિવાદોનો સામનો કરવો પડ્યો છે, પણ એ આ બાબતોને મહત્ત્વ નથી આપતી. શ્રદ્ધા અત્યારે તો નવા મળેલા સ્ટાર સ્ટેટસનો આનંદ માણી રહી છે.

# મય આવ્યે પાનાં ખોલીશ



મુલાકાત
શ્રદ્ધા કપૂર

મહેશ ભટ્ટ કેમ્પની ‘આશિકી-2’ જ્યારે રિલીઝ થઇ હતી ત્યારે સિનેશોખીનોના મનમાં અનેક આશંકાઓ હતી. જેમ કે જૂની ‘આશિકી’ જેવી સફળતાનું પુનરાવર્તન થશે ખરું? સંગીત એવું હિટ બનશે કે નહીં... વગેરે, પણ પ્રેક્ષકો આ ફિલ્મ જોવા ઊમટ્યા. ફિલ્મ જોરદાર હિટ નીવડી અને હિરોઇન શ્રદ્ધા રાતોરાત સ્ટાર બનવા સાથે યુવાનોના મનમાં પણ વસી ગઇ છે. વિલન અને કોમેડિયન શક્તિ કપૂરની દીકરી શ્રદ્ધાને એ વાતની ખુશી છે કે લોકો એને ઓળખવા અને ચાહવા લાગ્યા છે. શ્રદ્ધાએ ‘નવરંગ’ સાથે કરેલી ખાસ વાતચીત.

**સ્ટાર બન્યા પછી કેવું લાગે છે?**
સ્ટાર હોવું શું હોય છે એ તો હું નથી જાણતી, પણ એ વિચારીને સારું લાગે છે કે ‘આશિકી-2’ સફળ થઇ છે ઘણા દિવસો પછી કોઇ ફિલ્મ આવી છે, જેણે પ્રેક્ષકોને જકડી લીધા.

**સફળતા પછી પણ સરખામણી થયા કરે છે. હવે કોનો સામનો કરવાનો છે?**
મારો સામનો મારી જાત સાથે છે. ચેલેન્જ છે કે હું ક્યાંય પુનરાવર્તન ન કરું. આજકાલ ખૂબ કોમ્પિટિશન છે.

**તું અનેક અખતરા કરતી રહી છે. અમને જે ખબર છે તે પ્રમાણે તેં અનેક નવી બાબતો શરૂ કરી અને પછી તે છોડી દીધી!**
હા, એ ટેવથી હું પણ પરેશાન છું. પહેલાં સંગીત શીખવાનું શરૂ કર્યું. દસ વર્ષ સુધી પિયાનો શીખી. પછી ગાવાનું છોડી દીધું. કદાચ થોડી આળસુ થઇ ગઇ હતી. એ પણ સાચું છે કે જિંદગીએ અનેક નવી બાબતો આપમેળે જ શીખવી છે.

**કરણ જોહરની આગામી ફિલ્મ ‘ઊંગલી’માં તું આઇટમ ડાન્સ કરવાની છો?**
(હળવું સ્મિત કરે છે) નો કોમેન્ટ્સ તો નહીં કહું... પણ આ અંગે ટૂંક સમયમાં જ તમને બધી ખબર પડી જશે.

**તો શું આ સમાચાર સાચા નથી?**
આના જવાબ માટે રાહ જોવી જોઇએ. સમય આવ્યે બધાં પાનાં ખોલીશ.

**સારા આઇટમ ડાન્સની વાત જવા દઇએ, પણ લોકો એવું કહે છે કે ‘આશિકી-2’થી એક સનસનાટીએ બોલિવૂડમાં એન્ટ્રી કરી છે, ત્યારે કેવું લાગે છે?**
હું આને તેમનો પ્રેમ કહીશ, પણ ‘આશિકી...’ મારી ડેબ્યુ ફિલ્મ નથી. બોલિવૂડમાં ‘તીન પત્તી’ દ્વારા પદાર્પણ કર્યું હતું. આમાં હું અમિતાભ બચ્ચનસાહેબ સાથે સ્ક્રીન શેર કરી ચૂકી છું. આ ઉપરાંત, ‘લવ કા ધ એન્ડ’માં પણ મેં કામ કર્યું હતું.

**ઘણી વાર અભિનેત્રીઓને પૂછવામાં આવે છે કે એક્સપોઝર માટે કેટલી તૈયાર છે તો તેઓ ‘સ્ક્રિપ્ટની માગ અનુસાર બોલ્ડ સીન આપી શકું છું...’ જેવો જવાબ આપે છે. તું શું કહીશ?**
હું આટલી સરળતાથી એક્ટિંગ અને એક્સપોઝરને જુદી જુદી શ્રેણીઓમાં નથી વહેંચતી. આમેય દરેક બાબતથી વિશેષ છે મારું કમ્ફર્ટ લેવલ. ‘આશિકી-2’ પણ મેં મારા દિલની વાત સાંભળીને પસંદ કરી હતી. દિમાગની વાત સાંભળીને તમે તમારું બેન્ક બેલેન્સ તો વધારી શકો છો, પણ માનસિક શાંતિ ઘટી જશે.

**તારા માટે શક્તિ કપૂરની પુત્રી હોવાનું કેટલું મહત્ત્વ ધરાવે છે?**
મારા માટે ડેડ પ્રેરણા પૂરી પાડતા માણસ છે. તેમના વિશે ગમે એટલું કહું, તો પણ શબ્દો ઓછા પડશે. જો લાઇફસ્ટાઇલની વાત કરીએ તો મને ખ્યાલ છે કે એ કેટલા શિસ્તપ્રિય છે. જિંદગી વિશે તેમનો દૃષ્ટિકોણ પણ ખૂબ હકારાત્મક છે.

**સ્ટાર-ડોટર હોવાનો શો લાભ મળ્યો ને ક્યારેય કંઇ નુકસાન પણ થયું ખરું?**
મેં મારી સફર જાતે જ કરી છે. તેમાં પપ્પાના નામની ક્યારેય મદદ નથી લીધી. હા, ફિલ્મી વાતાવરણ સાથે સંકળાયેલી હોવાથી નાનપણથી જ સિનેમા પ્રત્યે પ્રેમ થઇ ગયો હતો. તમે એવું કહી શકો કે નાનપણથી જ અભિનયના ક્લાસ શરૂ થઇ ગયા હતા. રહી વાત નુકસાનની તો એ કહેવા માગીશ કે બહેનપણીઓ થોડા ખચકાટ સાથે ઘરે આવતી હતી, પણ એક વાર પપ્પાને મળ્યા પછી એમનો સંકોચ ગાયબ થઇ જતો હતો.

**પ્રથમ ફિલ્મોનો પ્રેમ, પછી રોમેન્ટિક ફિલ્મથી સફળતા. ખરો પ્રેમ ક્યારે થશે?**
ખરેખર હું પણ પ્રેમની રાહ જોઉં છું. હું પણ રાહ જોઉં છું કે ક્યારે કોઇ મારા મનમાં વસી જશે. અત્યારે સિંગલ છું. જ્યારે યોગ્ય સમય આવશે ત્યારે પ્રેમ થઇ જ જશે.

**આગામી ફિલ્મો કઇ છે?**
કરણ જોહરની ‘ગોરી તેરે પ્યાર મેં’ કરી રહી છું. બીજી કેટલીક ફિલ્મોની જાહેરાત ટૂંક સમયમાં જ થવાની છે.

▪ ચંડીદત્ત શુક્લ


## નવી ફિલ્મ




### ચેન્નઇ એક્સપ્રેસ

**રિલિઝ ડેટ :** 9 ઓગસ્ટ
**બેનર :** યૂટીવી - રેડ ચિલીઝ
**જોનર :** રોમેન્ટિક, એક્શન, કોમેડી
**નિર્માતા :** ગૌરી ખાન, કરીમ મોરાની, રોની સ્ક્રૂવાલા અને સિદ્ધાર્થ રોય કપૂર
**નિર્દેશક :** રોહિત શેટ્ટી
**સંપાદક :** સ્ટીવન એચ. બર્નાર્ડ
**ગીતકાર :** અમિતાભ ભટ્ટાચાર્ય
**સંગીત નિર્દેશક :** યુનુસ સેઝાવલ, રોબિન ભટ્ટ
**કોરિયોગ્રાફર :** ફરાહ ખાન, ચિન્ની પ્રકાશ, રાજુ સુંદરમ
**કલાકાર :** શાહરુખ, દીપિકા, સત્યરાજ, નિકતિન ધીર, પ્રિયમણિ
**વાર્તા :** ઉત્તરનો રાહુલ (શાહરુખ) અને દક્ષિણની મીના (દીપિકા)-ની પ્રણયકથા છે. રાહુલ દાદાજીને ખૂબ પ્રેમ કરે છે, જેમની સંભાળને લીધે એ લગ્ન પણ નથી કરતો. દાદાજીના અવસાન પછી એમની અંતિમ ઇચ્છા પૂરી કરવા એ અસ્થિ વિસર્જન માટે રામેશ્વરમ્ જાય છે. ટ્રેનમાં રાહુલની મુલાકાત મીના સાથે થાય છે. મીના માતાનો પ્રેમ મેળવી નથી શકી. પિતા અજહાગુસુંદરમ્ એને ખૂબ પ્રેમ કરે છે. એમને મીનાનાં લગ્ન માટે બાજુના ગામનો યુવાન તાંગાબલ્લી (નિકતિન ધીર) ખૂબ પસંદ છે, પણ જ્યારે રાહુલ અને મીના મળે છે ત્યારે એકબીજાના પ્રેમમાં પડે છે. બંનેને ખબર છે કે પરસ્પરના જીવનસાથી બનવું સરળ નથી. એકબીજાના બનવાના પ્રયત્નોમાં વાર્તા અત્યંત રોમાંચક રીતે આગળ વધે છે.

# બદલાઇ ગઇ ફિલ્મોની ભાષા



મારી કલમે
વિદુર ચતુર્વેદી (ભાષાવિદ્)

ભાષા અંગે ઇન્ડસ્ટ્રી હવે ખૂબ સજાગ છે. રણબીર કપૂર મારો જૂનો સ્ટુડન્ટ છે, પણ તાજેતરમાં જ્યારે કરણ જોહર પ્રોડક્શનની ‘યે જવાની હૈ દીવાની’માં કલ્કી કોચલીનને લેવામાં આવી ત્યારે એ લોકો શૂટિંગ માટે મને એક મહિના માટે મનાલી લઇ ગયા. એમણે મને કલ્કી કોચલીનના ડિક્શન અને ડાયલોગ ડિલિવરી માટે ખાસ રાખ્યો. પહેલાં ડાયલોગ સાચા બોલાય તે માટે ઘણી વાર મૌલવી રાખાતા હતા, જેમની જવાબદારી માત્ર ઉર્દૂના શબ્દોનો ઉચ્ચાર યોગ્ય રીતે થાય તેની રહેતી. આજે ફિલ્મોની ભાષા બદલાઇ ગઇ છે. આજે ડાયલોગની એક જ લાઇનમાં હિંદી, ઉર્દૂ અને ઇંગ્લિશના શબ્દો છે.

મારું એવું માનવું છે કે ફિલ્મ ઉપરાંત જ્યારે સ્ટાર કોઇ સ્ટેજ પર, કોઇ પત્રકાર સાથે કે કોઇ ફેન સાથે વાત કરે, ત્યારે પણ એના ઉચ્ચાર સાચા હોય. તમે અમિતાભ બચ્ચનજીને જ જુઓ, એ ગમે તે પ્રસંગે બોલતા હોય, એકદમ સાચા શબ્દો અને ઉચ્ચાર સાથે બોલે છે આથી એમને સાંભળવાનું સૌને ગમે છે.

કેટરિના જ્યારે ‘ન્યૂ યોર્ક’ ફિલ્મમાં કામ કરતી હતી ત્યારે આદિત્ય ચોપરાએ મને બોલાવીને એના ડિક્શન માટે કહ્યું હતું, પણ ફિલ્મમાં કેટરિના ન્યૂ યોર્કની યુવતીના પાત્રમાં હોવાથી એના જે ખોટા ઉચ્ચાર હતા એ સાચા જ હતા. મારો મુદ્દો એમને સમજાયો પછી જ્યારે કેટરિનાને ‘રાજનીતિ’ની ભૂમિકા મળી ત્યારે એણે પોતે જ મને બોલાવીને કહ્યું કે આ ભૂમિકામાં મને તમારી ખૂબ જરૂર પડવાની છે.

# ડેનિયલ ક્રેગનું પુનરાગમન



વિશ્વ ફિલ્મ

જેમ્સ બોન્ડ સિરીઝ હેઠળ આજકાલ બ્રિટિશ અભિનેતા ડેનિયલ ક્રેગ ફરી એક વાર ચર્ચામાં છે. ડેનિયલ અભિનીત 2012માં રિલિઝ બોન્ડ સિરીઝ (007)ની ફિલ્મ ‘સ્કાયફોલ’ દુનિયાભરમાં સફળ અને ચર્ચાસ્પદ રહી હતી. સેમ મેન્ડીસ દ્વારા નિર્દેશિત ‘સ્કાયફોલ’ રિલીઝ થવાના થોડા દિવસ પહેલાં જ્યારે ડેનિયલ ક્રેગને તેમની આગામી રજૂઆત વિશે પૂછવામાં આવ્યું હતું ત્યારે એ આગામી બોન્ડ ફિલ્મમાં પોતાની હાજરી વિશે થોડા અવઢવમાં હતા. અવઢવનું કારણ એ હતું કે 1962માં અભિનેતા શોન કોનરી સાથે બનેલી પ્રથમ બોન્ડ ફિલ્મ ‘ડો. નો’થી લઇને ડેનિયલ ક્રેગ સુધી આ 51 વર્ષોમાં જેમ્સ બોન્ડની ભૂમિકા નિભાવનારા પાંચ અભિનેતા જુદાં જુદાં કારણોને લીધે બદલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય વાત એ પણ છે કે પ્રખ્યાત લેખક ઇયાન ફ્લેમિંગની બોન્ડ સિરીઝની આ જાસૂસી નવલકથા પર અમેરિકન સીબીએસ ટેલિવિઝન નેટવર્કે 1954માં ‘કેસિનો રોયલ’ નામનો એક કલાકનો ટીવી શો બનાવ્યો હતો. તેમાં બેરી નેલ્સને જેમ્સ બોન્ડની ભૂમિકા ભજવી હતી.

ખેર, હવે તાજેતરમાં નિર્માતા માઇકલ જી. વિલ્સન તેમ જ બાર્બરા બ્રોકોલી અને સોની પિક્ચર્સ એન્ટરટેઇન્મેન્ટ દ્વારા સેમ મેન્ડિસના નિર્દેશનમાં ડેનિયલ ક્રેગને લઇને 24મી બોન્ડ ફિલ્મ ‘ડેવિલ મે કેર’ની જાહેરાત કરી દીધી છે. જોન લોગાનની પટકથા પરથી બનનારી ફિલ્મ યુકેના થિયેટર્સમાં 23 ઓક્ટોબર, 2015 અને અમેરિકન થિયેટર્સમાં 6 નવેમ્બર, 2015ના રોજ રિલિઝ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે એક સમયે હોલિવૂડ ફિલ્મોનું સૌથી મોટું માર્કેટ જર્મની હતું, પણ આજે ચીન પોતાના 12000 બિગ સ્ક્રીન સાથે હોલિવૂડ ફિલ્મોનું સૌથી મોટું માર્કેટ બન્યું છે. પોતાની આ માર્કેટ વેલ્યૂ સાથે ચીન પોતાને ત્યાં રિલીઝ થનારી ફિલ્મોને ખૂબ સતર્કતાથી સેન્સર કર્યા પછી જ અનુમતિ આપે છે. હવે આગામી બોન્ડ ફિલ્મ ‘ડેવિલ મે કેર’ની પટકથામાં એવી જ વાતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે, જેથી સિનેમાના મોટા માર્કેટમાં ફિલ્મ રિલીઝ કરવામાં કોઇ અવરોધ ન નડે.

## જન્મદિવસનાં અભિનંદન




**4 ઓગસ્ટ**
**અરબાઝ ખાન**
3, ગેલેક્સી, બી. જે. રોડ, બાંદ્રા (પ.), મુંબઇ - 50



**4 ઓગસ્ટ**
**વિશાલ ભારદ્વાજ**
13/602, મ્હાડાકોમ્પ., ઓશિવરા, અંધેરી (પ.), મુંબઇ - 53



**5 ઓગસ્ટ**
**કાજોલ**
એ/61-62, વર્ષા, જેવીપીડી સ્કીમ, જુહુ, મુંબઇ - 49



**5 ઓગસ્ટ**
**જેનેલિયા ડિસૂઝા**
601, પૂર્ણા બિલ્ડિંગ, પોચખનવાલા રોડ, વર્લી, મુંબઇ - 49



**7 ઓગસ્ટ**
**સુરેશ વાડેકર**
અજીવાસન, એસએનડીટી કોલેજ પાસે, મુંબઇ - 49



**9 ઓગસ્ટ**
**વિવેક મુશરાન**
301, મસાબીલે, રિક એશ પાસે, પાલી રોડ, બાંદ્રા, મુંબઇ - 50

# નેગેટિવ વાતોને ભુલાવી દઉં છું




માય ફર્સ્ટ્સ
વિશાખા સિંહ

| | |
|---|---|
| **પ્રથમ સ્કૂલ** | : અબુધાબી ઇન્ડિયન સ્કૂલ, અબુધાબી |
| **પ્રથમ કોલેજ** | : દિલ્હી યુનિવર્સિટી |
| **પ્રથમ ઝઘડો** | : યાદ નથી, નેગેટિવ વાતો ભુલાવી દઉં. |
| **પ્રથમ ક્રશ** | : શમ્મી કપૂર. એ ઉંમરમાં મારાથી ખૂબ મોટા છે એ જાણીને નિરાશ થઇ. |
| **પ્રથમ બોયફ્રેન્ડ** | : એ મારો પાડોશી હતો. |
| **પ્રથમ કિસ** | : જ્યારે હું 21 વર્ષની હતી. |
| **પ્રથમ વિદેશયાત્રા** | : અબુધાબી |
| **પ્રથમ એક્સિડન્ટ** | : આમ તો ઘણા, પણ મોટો કોઇ નથી. |
| **પ્રથમ રિલીઝ ફિલ્મ** | : ‘પિડીચિરુક્કૂ’ (તમિલ) |
| **પ્રથમ ટીવી શો** | : ‘ફ્રેન્ડ્સ’ |
| **પ્રથમ જોયેલી ફિલ્મ** | : ‘મૈંને પ્યાર કિયા’ |
| **કેમેરાનો સામનો** | : વાળની જાહેરખબર માટે |
| **પ્રથમ હીરો** | : સિકંદર ખેર (‘ખેલેં હમ જી-જાન સે’) |
| **પ્રથમ મહેનતાણું** | : 3000 રૂપિયા, એક એડ્વર્ટાઇઝિંગ કંપનીમાં ઇન્ટર્નશિપ માટે. |


રજૂઆત : **ઉમેશ**

# ચાહુંગા મૈં તુઝે સાંઝ સવેરે...



સ્વર પંચમી

લક્ષ્મીકાંત-પ્યારેલાલ અને મોહમ્મદ રફીના સંબંધ અનોખા હતા. લક્ષ્મીકાંત-પ્યારેલાલની પહેલી ફિલ્મ ‘પારસમણિ’થી જ રફી અને એમના સંગીતના સફરની શરૂઆત થઇ. આ ફિલ્મમાં રફીએ ‘વો જબ યાદ આએ...’ અને ‘રોશન તુમ્હીં સે દુનિયા...’ જેવાં ગીતો ગાયાં, જે સુપરહિટ થયાં. પ્યારેલાલજીએ એક મજાની વાત જણાવી હતી. રફી રેકોર્ડિંગમાં ખાસ રીતે તૈયાર કરેલી બદામ અને મેવાવાળી ચા લઇને આવતા. એ થર્મોસ એમના સેક્રેટરી ઝહીર પાસે રહેતું. લક્ષ્મી-પ્યારેને ઘણી વાર તલપ લાગતી કે એ ચા પીવા મળે, પણ એમ સહેલાઇથી એ ચા પીવા નહોતી મળતી. આખરે જ્યારે બંને કહેતા કે, ‘બસ થોડી જ આપો ને, જરા જેટલી...’ ત્યારે રફી માની જતા અને એ ચા આ યુવાન સંગીતકારોને પણ મળી જતી. તે પછી આવી લક્ષ્મી-પ્યારેની પ્રથમ હિટ ફિલ્મ ‘દોસ્તી’ જેના એક સિવાય બાકીનાં તમામ ગીતો રફીએ ગાયાં હતાં. આ ફિલ્મમાં ‘ગુડિયા કબ તક ના હંસોગી...’ લતાના સ્વરમાં હતું. રફીસાહેબે લક્ષ્મી-પ્યારે સાથે લગભગ સાડા ત્રણસોથી વધારે ગીતો ગાયાં. આ ફિલ્મ માટે રફીને ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો હતો. ગીત હતું, ‘ચાહુંગા મૈં તુઝે સાંઝ સવેરે...’ તમને જણાવી દઉં કે 31 જુલાઇ, 1980ના દિવસે એટલે કે લગભગ તેત્રીસ વર્ષ પહેલાં બપોરના સમયે રફીસાહેબે લક્ષ્મીકાંત-પ્યારેલાલ માટે પોતાનું ગીત રેકોર્ડ કર્યું, ‘તેરે આને કી આસ હૈ દોસ્ત, શામ ફિર ક્યોં ઉદાસ હૈ દોસ્ત...’ એટલે કે ગીત રેકોર્ડ કર્યા પછી રફીએ લક્ષ્મી-પ્યારેને કહ્યું, ‘તો હું જાઉં...’ સામાન્ય રીતે રફી આવું કહેતા નહોતા, આથી લક્ષ્મી-પ્યારેને ખૂબ નવાઇ લાગી. એ બંને કંઇ બોલી ન શક્યા. રફીસાહેબે ફરી કહ્યું, ‘તો હું જાઉં છું.’ એ જ સાંજે લગભગ સાડા સાત વાગ્યે રફીસાહેબનું નિધન થયું. લક્ષ્મી-પ્યારેનું કહેવું છે કે કદાચ રફીસાહેબને ખ્યાલ આવી ગયો હતો.



• યુનુસ ખાન

(લેખક વિવિધ-ભારતીમાં કાર્યરત છે)